# <u>સ્પીચ</u>

## <u>માંગણી ક્રમાંક – ૩૯,૪૦</u>

**<u>માન.અધ્યક્ષ શ્રી</u>,**

આજે,આ સદનના માધ્યમથી આરોગ્ય વિભાગની ઉપલબ્ધીઓ અને અંગદાન-મહાદાન વિષય પર મારા વિચારો રજુ કરવાનો અવસર મને મળ્યો જે બદલ હું આપશ્રીનો આભાર વ્યકત કરુ છું.

**<u>માન.અધ્યક્ષશ્રી</u>,**

હું સરકારશ્રીનું અભિવાદન કરવા માંગુ છું કે ગુજરાત સરકારશ્રી દ્વારા ગુજરાતની જનતાના આરોગ્યની સુખાકારી માટે આગવુ પગલુ ભરવામાં આવ્યુ, આજે કેન્દ્રની આયુષ્યમાન ભારત યોજના જે સમગ્ર દેશમાં અમલી છે તે યોજનાનો ઉમદા વિચાર આપણી ગુજરાતની સરકાર દ્વારા કરવામાં આવ્યો અને વ્યક્તિદીઠ ૫(પાંચ) લાખ રૂપિયાની સારવારનો નિર્ણય લેવામાં આવ્યો સાથે જ તેના ફળ સ્વરૂપે ૫(પાંચ) લાખ ગુજરાત સરકાર તથા ૫(પાંચ) લાખ કેન્દ્ર સરકાર મળી કુલ ૧૦(દસ) લાખ રૂપિયાની માતબર રકમની સારવાર આજે આયુષ્યમાન ભારત યોજના હેઠળ વ્યક્તિદીઠ મળી રહી છે,જે સરકારશ્રીની જન-આરોગ્ય પ્રત્યેની જાગરુકતા દર્શાવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

મને જણાવતા આનંદ થાય છે કે માન.મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી મળતી સહાય અન્વયે મારી કરંજ વિધાનસભા સુરતના ધારાસભ્ય તરીકેની બીજી ટર્મ દરમ્યાન આજદીન સુધીમાં કુલ ૩૧૦ અરજી ગુજરાત સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવી છે,જેની અંદાજીત ૪,૫૦,૫૪,૦૦૦/- (ચાર કરોડ પચાસ લાખ ચોપન હજાર) જેટલી માતબર રકમની સહાય માનનીય ગુજરાત સરકારશ્રી દ્વારા કિરણ હોસ્પીટલ,મહાવીર હોસ્પીટલ,ભરત કેન્સર હોસ્પીટલ,મુંબઈની ગ્લોબલ તથા અંબાણી હોસ્પીટલ,ચેન્નઈની રીયલ હોસ્પીટલ વિગેરે હોસ્પીટલો મારફત સહાય ચુકવી દેવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

હું આપશ્રીને જણાવવા માંગુ છુ કે, ગુજરાતમાં સૌથી વધુ માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડની અરજીઓ મારી ઓફિસ મારફત કરવામાં આવે છે અને ગરીબ મધ્યમ વર્ગીય પરિવારોને સહાય અપાવી મને ખુબ જ સંતોષની લાગણીનો અનુભવ થાય છે.

**<u>માન.અધ્યક્ષ શ્રી</u>,**

આજના મારા વિષય અંગદાન વિશે વાત કરીએ તો....

પરમકૃપાળુ પરમાત્માએ બનાવેલા આ માનવશરીરમાં કેટલીક વખત અંગોની ખોડખાપણ જોવા મળે છે.કેટલીક તકલીફ,બીમારીના કારણે ભગવાને બનાવેલા માનવશરીરની કુદરતી સંરચનામાં ફેરફાર કરવાની જરૂર ઉભી થાય છે.મેડિકલ સાયન્સનો જેટલો વિકાસ થઇ રહ્યો છે તે પ્રમાણે માનવશરીરની ગંભીર થી અતિગંભીર સમસ્યાઓનું પણ નિવારણ-ઉકેલ મળી રહ્યુ છે.

**<u>માન.અધ્યક્ષશ્રી</u>,**

આપણી ભારતીય સંસ્કૃતિમાં દાનનો મહિમાં વર્ણવામાં આવ્યો છે.શુભકામમાં,શુભઅવસરમાં,વાર-તહેવારમાં આપણે યથાશક્તિ મુજબ દાન કરીને પરમકૃપાળુ પરમાત્માનો આભાર વ્યકત કરતા હોઇએ છીએ.પરંતુ આજે જો સૌથી મોટું દાન કહી શકાય તો તે અંગોનું દાન છે.જીવીત વ્યક્તિ કિડની અને લીવરના અમુક ભાગનું દાન કરી શકે છે.પરંતુ બ્રેઇનડેડ થયેલ વ્યક્તિ માનવશરીરના ૯ અંગોનું દાન કરી શકે છે.આપણી પરંપરા અને આસ્થા મુજબ મૃતદેહ પંચમહાભુતમાં વિલીન કરવામાં આવે છે.પરંતુ તેના પહેલા બ્રેઇનડેડ થયેલ વ્યક્તિના સ્વજનો જો અંગદાનનો નિર્ણય કરે તો કેટલાય જરૂરિયાતમંદોને નવજીવન બક્ષીને તેમના પરિવારમાં અજવાસ પાથરી શકે છે.

**<u>માન.અધ્યક્ષશ્રી</u>,**

છેલ્લા બે વર્ષમાં સરકાર,સમાજ,સેવાભાવી સંસ્થાઓના સહિયારા પ્રયાસો અને તબીબોની કર્તવ્યનિષ્ઠાથી અંગદાન અને પ્રત્યારોપણનું પ્રમાણ આપણા રાજ્ય અને સમગ્ર દેશમાં વધ્યુ છે.તેમા પણ ખાસ કરીને નોંધ લેશો કે સમગ્ર ગુજરાત રાજ્યમાં અમારુ સુરત શહેર અંગદાન માટે સર્વ પ્રથમ સ્થાન ધરાવે છે.

**<u>માન.અધ્યક્ષશ્રી</u>,**

હ્યદય,કિડની વગેરેને લગતી અસાધ્ય બિમારીઓમાં અંગ-પ્રત્યારોપણ ક્ષેત્રે થયેલ પ્રગતિના કારણે આવા દર્દીઓમાં સાજા થવાનું પ્રમાણ પણ વધ્યુ છે.

**<u>માન.અધ્યક્ષશ્રી</u>,**

ભારતમાં દર વર્ષે ૬૦૦૦ જેટલા કિડની પ્રત્યારોપણ થાય છે.જે વાર્ષિક ૧.૮ લાખ કિડની ફેલ્યરના કેસોની સામે ખુબ ઓછા છે.જેના માટે સમાજમાં અંગદાનની જાગૃતતા અતિઆવશ્યક છે.ગુજરાત સરકાર પણ રાજ્યમાં અંગદાન અને પ્રત્યારોપણ સિસ્ટમને સુવ્યવસ્થિત કરવા કટિબધ્ધ છે.

**<u>માન.અધ્યક્ષશ્રી</u>,**

ગુજરાતે ૨૦૧૯ થી ભારત સરકારના નેશનલ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ (NOTTO) ના અમલીકરણને વેગ આપવા માટે સ્ટેટ ઓર્ગન એન્ડ ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ (SOTTO) અમલમાં મુકેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

આ કાર્યક્રમ હેઠળ અત્યાર સુધી ૮૧૦ કિડની, ૪૧૭ લીવર, ૭૧ હ્યદય, ૨૨ ફેફસા, ૧૨ પેનક્રિયાસ પ્રત્યારોપણ સફળતાપુર્વક કરવામાં આવેલ છે.મને એ જણાવતા આનંદ થાય છે કે સરકારી હોય કે ખાનગી બંન્નેમાં ગુજરાત દેશભરમાં અંગ-પ્રત્યારોપણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરતું રાજ્ય છે.રાજ્યમાં હાલ ૨૫ ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર્સ અને ૯૪ ઓર્ગન રીટ્રીવલ સેન્ટર્સ કાર્યરત છે.ગુજરાત દેશમાં અંગ પ્રત્યારોપણ ક્ષેત્રે સૌથી સારી કામગીરી કરતું રાજ્ય છે.

**<u>માન.અધ્યક્ષશ્રી</u>,**

અંગ-પ્રત્યારોપણ ક્ષેત્રે ઉપલબ્ધ સારવાર સુવિધાઓમાં સુધારો થાય અને સામાન્ય નાગરિકોને સરળતાથી અને પરવડે તે રીતે સુવિધાઓ મળી રહે તે અંગે સંશોધન કરવા હેતુ રાજ્યમાં ગુજરાત યુનિવર્સીટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીસ (GUTS)ની સ્થાપના કરવામાં આવી છે.અને મને જણાવતા આનંદ થાય છે કે આ અંગે પહેલ કરવામાં ગુજરાત વિશ્વમાં પ્રથમ છે.

**<u>માન.અધ્યક્ષશ્રી</u>,**

આ સાથે હું એ પરિવારોનો પણ આભાર માનું છું કે જેમને અંગદાન થકી કેટલાય લોકોને નવજીવન બક્ષ્યું છે.રાજ્યમાં અંગદાન અને પ્રત્યારોપણની સંખ્યામાં માતબર વધારો થવા પાછળ તેઓની આ ઉદારતાનો સિંહફાળો છે.

આ સાથે જ વિરમું છું.

વંદે માતરમ…. ભારત માતા કી જય…..જય જય ગરવી ગુજરાત